# ગાંધીનગરમાં હોસ્પિટાલીટી અને ટુરિઝમ ઈન્ફ્રાસ્ટ્રક્ટર ચીનના સહયોગથી વિકસાવાશે




## મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ચીનની વિવિધ કંપનીઓએ ગુજરાત સાથે ચાર એમઓએયુ કર્યા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સાથે ચીનની વિવિધ કંપનીઓએ આજે ચાર એમઓયુ કર્યા હતા. વન ટુ વન બિઝનેસ મિટિંગોનો દોર જારી રહ્યો હતો. ૧૯૦૦૦ કરોડના ખર્ચે નવું સ્માર્ટસિટી ગુજરાતમાં વિકસાવવા ઈન્ડેક્ટ-બીના ચાઈના સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ સાથે કરાર કરવામાં આવ્યા છે. મેઈક ઈન ઈન્ડિયાની નેમ પાર પાડી રોજગાર નિર્માણની તકો ઉભી કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિવિધ મુદ્દાઓ ઉપર રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ચીનના લઘુ અને મધ્યમ ઊદ્યોગોની ગુજરાતના એમએસએમઈ સેકટર સાથેની પરપસ્પર સહભાગી એમએસએમઈ સેકટરને નવી ઊંચાઈએ લઈ જશે તથા અર્થતંત્રમાં વધુ યોગદાન આપવા સક્ષમ બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી આનંદીબેને ચાયના પ્રવાસના આજના તેમના ત્રીજા દિવસે બૈજિંગમાં ચાયના એસોસિયેશન ફોર સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝના અગ્રણીઓ સાથે વન-ટુ-વન બિઝનેશ મિટીંગનો દૌર ચલાવ્યો હતો ચાયનીઝ કંપનીઓના સંચાલકો આ વન-ટુ-વન બિઝનેશ મિટમાં ઉપસ્થિત રહી ઉમળકાભર્યો પ્રતિસાદ આપ્યો હતો. આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આજે ગુજરાત સરકારના સાહસ ઈન્ડેક્ષ્ટ-બી અને ચાયનાની વિવિધ કંપનીઓ વચ્ચે ચાર સમડજૂતિ કરાર પર હસ્તાક્ષર થયા હતા. મુખ્યમંત્રીએ ગુજરાતના લઘુ-મધ્યમ કદના ઊદ્યોગોના ક્ષેત્રને રાજયના આર્થિક વિકા,ની કરોડજજુ ગણાવતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ચાયના એસોસિયેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ અને ગુજરાત વચ્ચે થયેલા આ બહુવિધ સમજૂતિ કરાર રાજયમાં રોજગાર નિર્માણના અવસરે યુવાધનને પૂરા પાડશે તથા વડાપ્રધાનની મેઈક-ઈન-ઈન્ડીયાની નેમ સાકાર કરશે. આજે જે સમજૂતિ કરાર મુખ્યમંત્રી અને ગુજરાતના પ્રતિનિધિમંડળની ઉપસ્થિતિમાં સંપન્ન થયા તેમાં, ઈન્ડેક્સ્ટબી અને ચાઈના સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ વચ્ચે થયેલા એમઓયુ અંતર્ગત ગુજરાતમાં ૨૦ ચો.કિ.મી. વિસ્તારમાં નવા સ્માર્ટ સિટીની સ્થાપના કરવા ૧૯,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાની પ્રતિબધ્ધતા દર્શાવી છે. ગુજરાતના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ અને

● અનુસંધાન પાન-૭ પર

# રેલ્વે વિભાગના ડિવિઝનલ રેલ્વે મેનેજરે કેપીટલ સ્ટેશનની મુલાકાત લીધી

## મુલાકાતોના દૌર બાદ પણ સ્ટેશનના વિકાસ માટે કોઇ નક્કર આયોજન થઇ શકયું નથી નગરજનોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૬

શહેરના કેપીટસ સ્ટેશનની મુલાકાતે અનેકવાર રેલ્વે વિભાગના અધિકરીઓ આવે છે. પરંતુ રેલ્વે સ્ટેશનના વિકાસના મામલે લાંબા સમયના અંતે પણ કોઈ નિર્ણય લેવાતો નથી. ત્રણ ચાર દિવસ પૂર્વે પણ ડિવિઝનલ રેલ્વે મેનેજરે સ્ટેશનની મુલાકાત લીધી હતી. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ સફાઈના પરિબળો ચકાસવા વિભાગની ટીમે સ્ટેશનની મુલાકાત લીધી હોવાનું મનાય છે.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપિટલ સ્ટેશન પર યાત્રિકાલક્ષી જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં ઉદાસીનતા સેવાઈ રહી છે.અનેક રજુઆતોના અંતે પણ સ્ટેશનને છાજે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવતી નથી. જયારે વધારાની ટ્રેઈનો શરૂ કરવાની રજુઆતોની પણ સતત અવહેલના થતી આવી છે. દરવર્ષે બજેટમાં કેપીટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવામાં આવે છે.જેના પરિણામે નગરના અગ્રણીઓ તેમજ સ્થાનિક રહીશોમાં પણ નારાજગી વ્યાપી છે. રેલ્વે સ્ટેશન તરફ જવાનું બોર્ડ પણ માંડ જોવા મળી રહયું છે. વર્ષોના અંતે પણ કેપીટલ સ્ટેશનને વિકાસનીદ્રષ્ટીએ કોરાણે જ રાખવામાં આવ્યું છે તેવો આક્રોશ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવાની માંગણી સંતાષાતી નથી. ત્યારે કેપીટલ સ્ટેશનને અન્ય રાજયોના કેપીટલની જેમ સંગીન રેલ સેવાથી સજ્જ કરવાનું સપનું લાંબા સમયના અંતે સાકાર થયું નથી.બીજીતરફ રેલવે વિભાગના અધિકારીઓ દ્વારા સ્ટેશનની વારંવાર મુલાકાત લેવામાં આવે છે.પરંતુ સ્ટેશનના વિકાસને અનુલક્ષી કોઈ નકકર આયોજન થઈ શકયું નથી.તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્રણ ચાર દિવસ અગાઉ જ રેલવે વિભાગના ડીવિઝનલ મેનેજરે સ્ટેશનની મુલાકાત લીધી હતી. જો કે આ મુલાકાત દરમિયાન માત્ર સ્વચ્છતાના મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાનુ પણ ધ્યાને આવ્યું છે. કેપીટલ સ્ટેશન પર આવતી ટ્રેઈનોની સફાઈ માટે હાલ અમદાવાદથી સફાઈ કામદારો આવતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આવા સંજોગોમાં કેપીટલ સ્ટેશનની સુવિધાઓ તેમજ ટ્રેઈન સેવાને વધુ અસરકારક બનાવવા યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



તરસ - ધોમધખતા તાપમાં તરસ છીપાવવા પશુ-પંખી અને માનવજાત ભારે પુરુષાર્થ કરે છે... શહેરી વિસ્તારને બાદ કરતાં પાણીની સમસ્યા ઉનાળામાં સાર્વત્રિક બને છે... અને ખાસ કરીને પશુ-પંખીઓ માટે તો ઉનાળો હંમેશા આકરો વર્તાય છે... પાણીના ટીપાંથી ચાંચ વડે તપસ છીપાવતો પોપટ સ્થિતિનો નિર્દેશ કરે છે...

# અડાલજ વિસ્તારમાં બે યુવાનોનો આપઘાત

## ૩૨ વર્ષીય યુવાને એમટીએસ બસ સ્ટેન્ડે ગળેફાંસો ખાધો : ૨૮ વર્ષીય યુવાને પત્ની રીસાઈને પિયર ચાલી જતાં ઝેરી દવા ગટગટાવી લીધા

ગાંધીનગર, તા. ૧૬

અડાલજ વિસ્તારમાં બે અલગ અલગ જગ્યાએ બે યુવાનોએ આપઘાત કરી જીવન ટુંકાવી દીધા હોવાની ઘટના બનવા પામી છે. ૩૨ વર્ષના યુવાને એમટીએસ બસસ્ટેન્ડમાં દોરી બાંધીને ગળેફાંસો ખાઈ લીધો જ્યારે ૨૮ વર્ષના પરિણિત યુવાને પત્ની રિસામણી થતાં સ્યુસાઈડ નોટ લખીને પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલીસે બંને ગુના દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અડાલજના આંબલીવાળા વાસમાં રહેતા માનસિક રોગથી પિડાતો ૩૨ વર્ષીય યુવાન ઈશ્વરજી હેમાજી ઠાકોર ગઈ રાત્રે અડાલજ એએમટીએસ બસસ્ટેન્ડ પહોંચ્યો અને સુતરના દોરાથી ત્યાં જ ગળેફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી અડાલજ પોલીસ મથકના જમાદાર દશરથભાઈએ વધુ તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ અડાલજના સમર્થ હેરીટેજમાં રહેતા ૨૮ વર્ષિય પરિણિત યુવાન પ્રવિણભાઈ મોહનભાઈ બારોડાએ પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. તેની પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી છે. યુવાને પોતાની પત્નિ રીસાઈને પિયર ચાલી ગઈ હોવાથી કમાવવા બાબતે તકરાર થતી હોવાથી આ પગલુ ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં તપાસનીય જમાદાર ભીખાભાઈના ધ્યાને આવ્યુ છે.

# ફાયર સેફ્ટી સિસ્ટમને દુરસ્ત કરાવવા મનપાની કૃષિભવનને તાકીદ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાએ કૃષિભવનના સંચાલકોને ફાયર સેફ્ટીના સાધનોમાં રહેલી ક્ષતિઓની પૂર્તતા કરવા માટે તાકીદ કરી છે.

કૃષિભવનમાં તાજેતરમાં લાગેલી આગ બાદ ફાયર સેફ્ટી સિસ્ટમ માટેના વાંધા પ્રમાણપત્ર માંગતા મનપાના તંત્રએ પહેલા સિસ્ટમની દુરસ્તી કરી અને પૂર્તતા કર્યા બાદ ના વાંધા પ્રમાણપત્ર માટે અરજી કરવી તેવી તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરના બહુમાળી બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટીની સિસ્ટમોની વાર્ષિક ચકાસણી કરવા માટે પણ મનપાએ ફાયર ઓફિસરને જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે. મનપા દ્વારા ફાયર સેફ્ટી સિસ્ટમને લઈ કરાયેલી તાકીદ આજે ટોક ઓફ ધી ટાઉન બની હતી.

# ગુજરાત ગેસ કંપની લિ. અને જીએસપીસી ગેસ કંપની લિ. વચ્ચેના જોડાણની પ્રક્રિયા સંપન્ન

ગાંધીનગર, તા. ૧૬

ગેસ ડીસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે કામગીરી કરનારી ગુજરાતની કંપનીઓ ગુજરાત ગેસ કંપની લિ. અને જીએસપીસી ગેસ કંપની લિ. વચ્ચેના જોડાણને મંજુરી મળી ગઈ છે અને બંને કંપનીના જોડાણથી હવે ગુજરાત ગેસ લિમિટેડ નવી કંપની અસ્તિત્વમાં આવી છે. બંને કંપનીઓના જોડાણથી ગેસ વિતરણ ક્ષેત્રે દેશભરમાં નવા અધ્યાયની શરૂઆત થઈ છે. આ અંગે રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગેસ આધારીત અર્થવ્યવસ્થાને અપનાવવામાં ગુજરાત મોખરે રહ્યું છે, હવે આ જોડાણથી દેશભરમાં અન્ય રાજ્યોમાં સીટી ગેસ વિતરણનું માળખું વિકસાવવામાં ગુજરાતની આ કંપની મદદરૂપ થશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના નેજા હેઠળની આ નવ સંસ્કરણ પામેલી ગુજરાત ગેસ લિમિટેડ કંપની વધુને વધુ ઔદ્યોગિક ક્ષેત્રોને, વાહનોને અને રહેણાંક વપરાશકારોને અન્ય પ્રદૂષણજનક ઈંધણના બદલે પર્યાવરણને અનુકૂળ એવા કુદરતી ગેસના વપરાશ માટે પ્રવૃત્ત કરવા ગુજરાત રાજ્ય ઉપરાંત અન્ય રાજ્યોમાં પોતાનો વ્યાપ વિસ્તારવાનું ચાલુ રાખશે.

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યભરમાં વિશાળ ગ્રેસ ગ્રીડ સ્થાપીને રાજ્યમાં ગેસ આધારીત અર્થવ્યવસ્થા સ્થાપવા ઘેર-ઘેર, ગામ-શહેરોમાં પ્રદૂષણ રહિત કુદરતી ગેસ ફાળવણી કરવાનું સપનું સેવ્યુ હતુ. આ માટે ગુજરાત ગેસ કંપની લિ. અને જીએસપીસી ગેસ કંપની લિ. જેવી કંપનીઓની સ્થાપના કરાઈ હતી. રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના કર્મઠ નેતૃત્વમાં આ સપનું સાકાર થઈ રહ્યું છે, એટલું જ નહિ ગુજરાતની આ કંપનીઓ હવે સાથે મળીને નવા જ સ્વરૂપે સમગ્ર ભારત દેશમાં ગેસ ડીસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા સક્ષમ બની છે.

**પ્રથમ પૂણ્યતિથિએ**
**ભાવભીની અંજલિ**



**સ્વ. પૂજ્ય કમળાબા કાન્તિલાલ પટેલ** (અંબાપુરવાળા)
નિર્વાણ તા. ૧૭-૦૫-૨૦૧૪

અમારી કરૂણામૂર્તિ મા...
અમારી ખુશી, સુખ, સમૃદ્ધિ અને સાંત્વના એટલે મા.
અમારું મનોબળ અને તાકાત એટલે મા.
વિશ્વની એ એક વ્યક્તિ
અમારે માટે આખું વિશ્વ હતી.
મા વિનાનું એક વર્ષ ઘણું વસમું લાગ્યું...

પૂજ્ય મા ના સ્મરણ સાથે ચરણોમાં વંદન
**ઘનશ્યામ કાન્તિલાલ પટેલ** (ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક બેન્ક)
**દિપક કાન્તિલાલ પટેલ** (મિતુલ ગેસ એજન્સી, ચાંદખેડા)
**હરેશ કાન્તિલાલ પટેલ** (દેવલ સ્ટુડિયો, ગાંધીનગર)

**ભજન સંધ્યા**
તા. : **૧૭-૦૫-૨૦૧૫, રવિવાર.** સમય : **રાત્રે ૮.૦૦** વાગ્યા થી...
સ્થળ : **પ્લોટ ૪૯૨/૨, ગ-૨ રોડ, સેક્ટર-૫ એ, ગાંધીનગર.**
**સૌ સ્નેહીજનોને હૃદયપૂર્વક આમંત્રણ**

PARAM





સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515







શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT | Kisan | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com